મહેસાણા જિલ્લાના કડી ખાતે દશમા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લાના કડી ખાતે દશમા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકાર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે નિષ્પક્ષ અને શાંતિપુર્ણ મતદાન કરવા માટે રાષ્ટ્રીય ચૂંટણી પંચની સ્થાપના ૨૫ જાન્યુઆરીના દિવસે થઈ હતી. ભારતની લોકશાહી સૌથી મોટી લોકશાહી છે જે અંતર્ગત ચૂંટણી પંચની કામગીરી પણ અભ્યાસ માંગી લે તેવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા માટે મતદાર નોંધણી જરૂરી છે. યુવાનો લોકશાહિથી અવગત થાય તે હેતુથી ચૂંટણીપંચ દ્વારા આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે મતદાન કરવુ એ આપણા હક્ક ઉપરાંત ફરજ પણ છે, માટે આ ફરજ આપણે નિભાવવી જોઈએ.

ખેડબ્રહ્મામા બે લુહારી કામના વેપારીને ધ્વનિ પ્રદુષણ બંધ કરવા નોટિસ અપાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા શહેરના ભરચક વિસ્તારમાં આવેલ લુહારીકામની બે દુકાનો દ્વારા ધ્વનિ પ્રદુષણ કરવામાં આવતું હોઈ રહીશો દ્વારા તાલુકા સ્વાગતમાં રજુઆત કરવામાં આવતા કલેકટર દ્વારા બંને ઈસમો સામે કાર્યવાહી કરવા નગરપાલિકાને તાકીદ કરવમાં આવી છે.

ખેડબ્રહ્મા શહેરના સ્ટેશન રોડ ઉપર દવે હોસ્પિટલ પાસે લુહાર ઈસ્માઈલભાઈ ઈદુભાઈ તથા બાબુભાઈ ઈદુભાઈ લુહારની લુહારીકામ માટેની દુકાનો આવેલ છે. આ બંને ઈસમો દ્વારા જે તે સમયે નગરપાલિકામા નોંધણી કરાવતી વખતે લુહારીકામના નાના પરચુરણ કામ કરવાનું જણાવી પરવાનો મેળવેલ હતો પણ સમય જતા ધીમે ધીમે બંને ઈસમોએ મોટા તોતિંગ ઓટોમેટીક હેમરિંગ મશીનથી ઓજારો ટીપવા લાગ્યા હતા. જેથી આજુબાજુના રહીશો અવાજ પ્રદુષણથી પરેશાન થઈ નગરપાલિકામાં રજૂઆત કરી હતી જેથી નગરપાલિકાએ બંને દુકાનદારોને તારીખ ૧૨ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ દુકાનોમાં ધ્વનિ પ્રદૂષણના કામો બંધ કરી દેવા જણાવવામાં આવ્યું હતું.

પરંતુ ધ્વનિ પ્રદુષણ ચાલુ રહેતા નગરપાલિકાએ ૧૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ વકીલ મારફતે નોટિસ આપવામાં આવી હતી પરંતુ બંને ઈસમોએ નગરપાલિકાની નોટિસ ઘોળીને પી ગયા હતા.

જેથી રહીશો દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરવામાં આવી હતી. ૨૨મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સાબરકાંઠા જિલ્લા કલેકટર સી.જે. પટેલના અધ્યક્ષસ્થાને તાલુકા સેવાસદન ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કલેકટર દ્વારા આ દુકાનદારો ૬૫ ડિબી કરતાં વધુ ૭૫ ડિબી જેટલું ધ્વનિ પ્રદૂષણ કરતા હોય રહીશોને પરેશાની ભોગવવી પડતી હોય મ્યુનિસિપલ એક્ટ કલમ પ્રકરણ ૧૧ કલમ ૨૨૧(૧) ન અને ફ(૨) તથા ૩ ની જોગવાઈઓ વિરુદ્ધ હોય ઉપરોક્ત ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બંને ઈસમોને ધ્વનિ પ્રદૂષણ ફેલાવવાનું બંધ કરાવવા ખેડબ્રહ્મા નગરપાલિકા અને આદેશ કરવામાં આવ્યો.

પ્રેમ લગ્ન કરનાર યુવતીને બીજે પરણાવવાની પેરવી, મામલો પોલીસ મથકે

પ્રેમ લગ્ન કરનાર યુવકની પત્નીને છેતરીને લઈ જનાર પિયરીયા તેણીને બળજબરીથી બીજે પરણાવવાની પેરવી કરતા પીડિત યુવકે ભીલડી પોલીસ મથકે રજુઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે.

ડીસા તાલુકાના કુવારલા ગામના અને ધંધાર્થે અમદાવાદ રહેતા ભરતભાઈ ચમનભાઈ પરમારે ગત તા. ૧૨/૨/૧૯ ના રોજ મૂડેઠા ગામના ઈશ્વરભાઈ નાનાભાઈ પરમારની દીકરી હેતલ સાથે કાયદેસર રીતે પ્રેમ લગ્ન કર્યા હતા અને પતિ પત્ની રાજી ખુશીથી રહેતા હતા પરંતુ તેની પત્નીને તેડી જવા પિયરીયા દબાણ કરતાં હતાં પરંતુ તેમની સાથે જવા ન માંગતી તેની પત્નીએ આ બાબતે ભીલડી પોલીસ મથકે અરજી પણ કરી હતી તેમછતાં તા. ૨૪/૪/૧૯ ના રોજ તેના પિયરીયા લગ્નના ખોટા બહાને તેને છેતરીને લઈ ગયા હતા.

મોડાસા ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી

મોડાસા, તા. ૨૫

ભારતીય ચૂંચણી પંચ દ્વારા વર્ષ ૨૦૧૧ થી ૨૫ જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાર દિન તરીકે ઉજવવામાં આવે છે. અરવલ્લીના

મોડાસામાં આવેલ મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે ૧૦મો રાષ્ટ્રીય મતદાતા દિવસ જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. જેમાં જિલ્લા કલેક્ટર ઔરંગાબાદકરે જણાવ્યું કે મતદાર કરવું એ આપણો રાષ્ટ્રીય હક છે અને પ્રજાને મતદારનો હક એ માત્ર લોકશાહિ દેશોમાં જ છે તેથી લોકશાહી મજબુત બનાવવા માટે આપણે મતદાન કરવું એ આપણી ફરજ અને કર્તવ્ય છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઈલાબેન આહિરે ચૂંટણી પંચ કઈ રીતે કાર્ય કરે છે, ચૂંટણી વિભાગની સ્થાપના, કાર્ય પધ્ધતી અગેની સામાન્ય જાણકારી આપી હતી.

જિલ્લા કલેક્ટર ઔરંગાબાદકર દ્વારા આ પ્રસંગે વયોવૃધ્ધ નાગરિકો, દિવ્યાંગ મતદારો, સેવા મતદારો, નવા દાખલ થયેલ મતદારોનું સાલ ઓઢાળી તેમજ બેજ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત શ્રેષ્ઠ બી.એલ.ઓ., શ્રેષ્ઠ સુપરવાઈઝર, શ્રેષ્ઠ સાક્ષરતા ક્લબ, શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડર, શ્રેષ્ઠ નાયબ મામલતદાર મતદાર યાદી, શ્રેષ્ઠ મદદનીશ મતદાર નોંધણી અધિકારી, શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી વિગેરેને વર્ષ દરમિયા તેમની સારી કામગીરી બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

યુવા મોરચાના ઉપક્રમે ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલયથી તિરંગા યાત્રા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા સુધી શહિદોની યાદગીરીમાં નીકળી હતી. જેમાં પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, મહેસાણા જિલ્લા ભાજપના પ્રમુખ નીતિનભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી જશુભાઈ પટેલ, બાલુજી ઠાકોર, જિલ્લા યુવા ભાજપના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ જોડાયા હતા. જ્યાં શહિદો અમર રહોના સૂત્રોચ્ચાર સાથે નારા લગાવ્યા હતા અને સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફૂલહારવિધી કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામે આરોગ્ય નિદાન કેમ્પનુ આયોજન

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર રાજેશ પટેલના માર્ગદર્શનમાં અને તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર આર.ડી. ગોસ્વામીના અધ્યક્ષપણા હેઠળ આજરોજ ખેડબ્રહ્મા તાલુકાના કલોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નાકા ગામે સર્વરોગ નિદાન કેમ્પ (આરોગ્ય મેળો) યોજાઈ હતો. સદરહુ કેમ્પમાં ફિઝિશિયન ડૉ. ઉજ્વલબેન પટેલ, ગાયનેક ડૉ. ભુપેન્દ્ર પટેલ, પીડીયાટ્રીશીયન ડૉ. શૈલેષ પટેલ, ચામડીના ડૉ. ભરતસિંહ ડાભી તેમજ ગાઈનેક ડૉ. દિવ્યાબેન પટેલ, કાજલબેન લાલવાણી, ડૉ.સોનલબેન પટેલ વગેરે સ્પેશીયાલીસ્ટ ડૉ.ની સેવાનો લાભ કુલ ૪૭૯ જેટલા સગર્ભા સહીતના લાભાર્થીઓએ લીધો હતો. જીલ્લા આરોગ્ય ખાતાના ચેરમેન આનંદભાઈ લેંબોલા, હીરાબેન સરપંચ, બકુલભાઈ ડાભી વગેરે ગ્રામજનોએ નાકા ગામમાં કેમ્પના આયોજન કરવા માટે આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાપ્યક્રમનુ સંચાલન તાલુકા હેલ્થ સુપરવાઈજર અક્ષય પંડયા અને પીએચસી સુપરવાઈજર ચંપકલાલ બેગડીયા દ્વારા કરવામા આવ્યું હતું.

અરવલ્લીમાં મહિલાનો ઝાડ સાથે લટકતો મૃતદેહ મળતા ચકચાર

હત્યા કે આત્મહત્યાને લઈ શંકા..!!

મોડાસા, તા. ૨૫

ગુજરાતના અરવલ્લી જિલ્લાના સાયરા(અમરાપુર)ની ૧૯ વર્ષીય કોલેજિયન ગર્લ્સના અપહરણ, ગેંગરેપ અને હત્યા કેસમાં હજૂ સુધી કોઈ ઉકેલ આવી શક્યો નથી. ત્યાં ફરીથી અરવલ્લીમાં ફરી એક એવી જ ઘટના સામે આવી છે.

ભીલોડા હાથમતી નદી નજીક આવેલા એક ખેતરનાં વાડ પર એક ૩૫ વર્ષથી આસપાસની અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર પંથકમાં આ ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી છે. ખેતરની સીમમાં અજાણી મહિલા દ્વારા ગળેફાંસો ખાઈને આત્મહત્યા કર્યાની જાણ થતા ઘટનાસ્થળે દોડી આવી હતી. અરવલ્લીમાં હાથમતી નદી નજીક આવેલા એક ખેતરનાં વાડ પર એક ૩૫ વર્ષથી આસપાસની અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં પ્રાથમિક જાણકારી પ્રમાણે એવું કહી શકાય કે કોઈ અજાણી મહિલાએ કોઈ કારણોસર ખેતરનાં શેડા પરના ઝાડ પર સાડીનો ફાંસો બનાવીને ગળેફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું હતું. આ ઘટનાના પગલે આસપાસનાં ખેડૂતોએ ઘટનાસ્થળે લટકતી મહિલાનો દેહ જોતા ભિલોડા પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને ઉતાર્યો હતો. મૃતદેહને હોસ્પિટલ ખાતે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે મૃતક મહિલાનું અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડગામ નજીક કાર બાવળ સાથે અથડાતા ત્રણ ઘાયલ

કાર રોડની સાઈડમા બાવળના ઝાડ સાથે અથડાતાં ટાયર ફાટયું : આસપાસમાંથી લોકો દોડી આવીને કારમાંથી યુવકોને નિકાળી સારવાર અર્થે ખસેડાયા

વડગામ, તા. ૨૫

વડગામ નજીક એક કાર રોડની સાઈડમાં ઉભેલા બાવળ સાથે ધડાકાભેર અથડાતાં કારનું ટાયર ફાટ્યું હતું. ભયાનક અવાજ થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવીને કારમાં ફસાયેલા યુવકોને નિકાળીને ૧૦૮ વાનને ફોન કરતાં ૧૦૮ વાન સમયસર ન પહોંચતા અકસ્માતમાં કણસી રહેલા યુવકોને તાબડતોડ ખાનગી વાહનમાં વડગામ સી.એચ.સી.મા લઈ જવાયા જ્યાં ફરજ પરના મહીલા તબીબે પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સ્થળે ઉપસ્થિત લોકો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ કાર વડગામ તરફથી આવી રહી હતી. તે દરમિયાન અચાનક કારનો ચાલક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા કાર અચાનક રોડની સાઈડમાં ઉભેલા બાવળના ઝાડ સાથે અથડાતાં જ ટાયર ફાટતા ભયાનક અવાજ થયો હતો અને કાર ખાડામાં ઉતરી ગઈ હતી અને કારમા બેઠેલા ભાવેશભાઈ પરમાર ઉ.વ.આશરે ૩૦ રહે. પાલનપુર તેમજ કિર્તીભાઈ વિરાભાઈ પ્રજાપતિ ઉ.વ. આશરે ૩૦ રહે. મગરવાડા તથા પરવેજભાઈ નીસાભાઈ મીર ઉ.વ.૧૫ રહે.

પાલનપુરવાળાઓ ઘાયલ થયા હતા. ટાયરના ભયાનક અવાજથી જ આસપાસના અકસ્માત સ્થળે દોડી આવ્યા હતા અને કારમા ફસાયેલા ત્રણે યુવકોને બહાર નિકળીને ૧૦૮ વાનને ફોન કર્યો હતો. પરંતુ ૧૦૮ વાન સમયસર પહોંચી શકી ન્હોતી. જેથી અકસ્માતમા કણસી રહેલા યુવકોને તાબડતોડ ખાનગી વાહનમા વડગામ સી.એચ.સી.મા લઈ જઈ જતાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપીને આ ત્રણે યુવકોને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. જેમા ભાવેશભાઈ પરમારની હાલત વધુ નાજુક હોવાનું હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું હતું.

બોક્સ વડગામ પંથકમાં એક ૧૦૮ વાન હોવાથી સમયસર અકસ્માત સ્થળે સમયસર પહોંચી શકતી નથી જેના કારણે ઘાયલોને ખાનગી વાહનનોનો આશરો લેવો પડે છે. ત્યારે સરકાર દ્વારા વડગામ તાલુકામાં બીજી વાન ફાળવવામાં આવે તેવી માંગ લોકોમાંથી ઉઠવા પામી છે.

હિંમતનગરમાં ઉજવાયો ૧૦મો "રાષ્ટ્રીય મતદાતા દિવસ"

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય મતદાતા દિવસ હિંમતનગરના ટાઉનહોલમાં ખાતે કલેકટર સી.જે. પટેલની અધ્યક્ષતામાં ઉજવાયો. રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૫મી જાન્યુઆરી ૨૦૧૧થી ઉજવવામાં આવે છે. ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલે આ દિવસની શરૂઆત કરાવી હતી.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તા અને જિલ્લા ચુંટણી અધિકારી સી.જે. પટેલે નવા મતદારોનુ સ્વાગત કરતા જણાવ્યું હતું કે ભારત

વિશ્વનો બીજા નંબરનો મોટો લોકશાહી દેશ છે. જેથી મતદાતાનો દેશના નિર્માણમાં ખુબ જ મોટો ફાળો છે. મતદારે પોતાના એક એક મતનુ મુલ્ય સમજી પોતાની રાષ્ટ્ર પ્રત્યેની પવિત્ર ફરજ એટલે મતદાન જે કરવુ અનિવાર્ય છે. ભારત યુવાઓનો દેશ છે તેથી યુવાઓએ ખાસ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી યોગ્ય ઉમેદવારને મત આપવો જોઈએ. કોઈ પણ પ્રલોભન કે નાતી-જાતિના ભેદથી ઉપર ઉઠીને રાષ્ટ્ર માટે મતદાન કરવુ જોઈએ. વધુમાં તેમણે નવા મતદાતાઓને પોતાના શ્રેષ્ઠ ભાવિ નિર્માણ થકી શ્રેષ્ઠ ભારત નિર્માણ માટે પોતાનો ધ્યેય ઉચ્ચ રાખવા તેમજ ફેશન અને વ્યસનથી દૂર રહેવા જણાવ્યું હતું.

ભારત સરકારના ચુંટણીપંચ દ્વારા સમગ્ર દેશમાં ૨૫મી જાન્યુઆરીએ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" (નેશનલ વોટર ડે) ઉજવવામાં આવે છે. આ સંદર્ભમાં સમગ્ર રાજ્યમાં અને જિલ્લાઓમાં જન જાગૃતિ માટે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા કક્ષાના આ મતદાન દિને ટાઉનહોલ ખાતે મતદાન જાગૃતિ માટે નાટક અને ભવાઈનુ સુંદર સંદેશ આપતી પ્રસ્તુતિ દ્વારા કાર્યક્રર્મને જીવંત બનાવાયો હતો. આ પ્રસંગે શ્રેષ્ઠ ચુંટણી કામગીરી કરનારા કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા સાથે પ્રથમ વખત નોંધાયેલા નવા મતદારોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નાયબ ચૂંટણી અધિકારી કે.પી. પાટીદાર, પ્રાંત અધિકારી યતિનભાઈ ચૌધરી, હિંમતનગર મામલતદાર ચૂંટણી અધિકારી વંદનાબેન પરમાર, જિલ્લા શિક્ષણાધિકારી વ્યાસ, નાયબ મામલતદાર તરાર, નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશભાઈ પટેલ અન્ય ચૂંટણી અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં બી.એલ.ઓની કામગીરી સંભાળતા શિક્ષકો, નવા મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાની શ્યામનગર સોસાયટીમાં ૭૨ કલાકમાં

બે ઈનોવા કાર ચોરવાનો વાહનચોરોનો નિષ્ફળ પ્રયાસ

મોડાસા, તા. ૨૫

ઘરફોડ ચોરી અને ચીલઝડપ કરતી ગેંગના તળખળાટ વચ્ચે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વાહનચોરી કરતી ગેંગે પણ ધામા નાખતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરની શ્યામનગર સોસાયટીમાં ૭૨ કલાકમાં સતત બીજીવાર ઈનોવા કાર ચોરવાનો વાહનચોર ગેંગના પ્રયાસને સ્થાનિકોએ હિંમતભેર સામનો કરી નિષ્ફળ બનાવ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે વાહનચોર ટોળકી બંને વખત શ્યામનગર સોસાયટીમાં જુદી-જુદી ઈનોવા કારની જ ચોરી કરવાનો કેમ ટાર્ગેટ કરી રહી છે તે સમજવામાં કાર માલિક અને સ્થાનિકો પણ અસમંજસ અનુભવી રહ્યા છે. પલ્સર બાઈક લઈ ઈનોવા કાર લૂંટવા આવેલા બે વાહનચોરોને કાર માલિકે પડકાર ફેંકતા અને આજુબાજુના રહીશો દોડી આવતા વાહનચોર ઘટનાસ્થળે પલ્સર બાઈક મૂકી નાસી છૂટ્યા હતા. ઈનોવા કારના માલિકે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી પલ્સર બાઈક કબ્જે લઈ તપાસ હાથ ધરી હતી.

મંગળવારે મધ્યરાત્રીએ મોડાસાના આઈટીઆઈ સામે આવેલી શ્યામનગર સોસાયટીમાં કોમનપ્લોટમાં રાખેલી ઈનોવા કારની ચોરી કરવા વાહનચોર ગેંગ સ્કોર્પિઓ ગાડી લઈ પહોંચ્યા હતા. વાહનચોર ગેંગ ઈનોવા કારની ચોરી કરે તે પહેલા અવાજ થતા સ્થાનિકો જાગી જતા કોમન પ્લોટમાં દોડી જતા વાહનચોરોએ પથ્થરોથી હુમલો કરી ફરાર થઈ ગયા હતા. શુકવારે મોડીરાત્રે પલ્સર બાઈક પર બે વાહનચોર માસ્ટર કી, પાના પક્કડ સાથે પહોંચી શ્યામનગરના કોમનપ્લોટમાં પડેલ અન્ય ઈનોવા કારની ચોરી કરવાના પ્રયાસ થતા ઈનોવાકારના માલિક જાગી જતા વાહનચોરને પડકારતા હો..હા

થતા આજુબાજુના રહીશો દોડી આવતા વાહનચોરો પલ્સર બાઈક અને ઈનોવા કારની ચોરી કરવાના સાધન અને પેટ્રોલ ભરેલ કેરબો સ્થળ પર મૂકી નાસી છૂટ્યા હતા. ૭૨ કલાકના ટૂંકા ગાળામાં બીજીવાર એકજ સ્થળેથી ઈનોવા કારની લૂંટનો પ્રયાસ સ્થાનિકોની સતર્કતાના પગલે નિષ્ફળ રહેતા વાહનચોરી કરતી ગેંગથી ફફડાટ ફેલાયો છે. ઈનોવા કારના માલિકે મોડાસા ટાઉનપોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ તપાસનું રટણ કરી પલ્સર બાઈક લઈ ગઈ હતું.

પલ્સર બાઈકને મોડાસા ટાઉન પોલીસે બિનવારસી હાલતમાં મળી આવ્યું હોવાનું ચોપડે ચઢાવ્યું

મોડાસાની શ્યામનગર સોસાયટીના કોમનપ્લોટમાં પાર્ક કરેલી ઈનોવા કારની ચોરી કરવા પલ્સર બાઈક પર પહોંચેલા બે શખ્સોએ ચોરીનો પ્રયાસ કરતા કાર માલિક અને સ્થાનિકોએ નિષ્ફળ બનાવતા કાર ચોરી કરવા આવેલા બંને શખ્સો બાઈક મૂકી નાસી છૂટતા કાર માલિકે ટાઉનપોલીસને જાણ કરતા પલ્સર બાઈક ટાઉન પોલીસે પોલીસ સ્ટેશનમાં ખસેડી હતું ઈનોવા કાર ચોરીની ઘટના અને બાઈક અંગે ટાઉન પોલીસસ્ટેશનમાં ટેલિફોનિક પૂછપરછ કરતા કોઈ ફરિયાદ નોંધાઈ નથી અને પલ્સર બાઈકને બિનવારસી હાલતમાં મળી આવ્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું હોવાનું જણાવતા અચરજ ફેલાયું છે.

મોડાસા ટાઉન પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવા વચ્ચે તસ્કરો બેફામ

મોડાસા શહેરમાં બાઈક ચોરી અને ઘરફોડ ચોરીના બનાવો સતત બનતા નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. શહેરમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે અને હોમગાર્ડ પોઈન્ટ મુકવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. શહેરીજનો હાલ અસલામતી અનુભવી રહ્યા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે.